કવી તાનસેન મીરાંબાઇ સુરદાસકૃત ભકિતનાં

પ્રભાતીયાં

સોખીના સજજનોને માટે.

છપાવી પ્રસિદ્ધ કરનાર

બુકસેલર મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

ત્રણ દરવાજા—અમદાવાદ.

અમદાવાદમાં ગમાસાના ચકલે થી "નટવર" પ્રીન્ટીંગ પ્રેસમાં
ભોગીલાલ નારણદાસ ખોડીવાળાએ છાપી.

આવૃત્તિ ૧૦ મી. પ્રત ૪૦૦૦.
સંવત ૧૯૭૩ સને ૧૯૧૭.

કિંમત રૂ. ૦-૨-૦

પ્રભાતીઆં

પ્રભાતીયું ૧ લું.

પરભાતના પોહોરમાં દીઠા ઠાકોરમાં, ઠીક ઠાકોરશું મન મોહ્યું;
રણછોડરાય છે જક્ત જોવા જાય છે, ગોમતી ગંગામાં અંગ ધોયું પ.
ગોમતી ઘાટમાં મળ્યા પ્રભુ વાટમાં, સેજજમાં શામરે સામું જોયું?
નરહરી નરખીયા પ્રેમથી પરખીયા, પલકઘડી એકમાં પાપ ખોયું. પ.
છપ્પન દેખાડીયાં ચઉદ રત્ન કહાડીયાં, કામધેનુ ગાયનું દુધ દોયું;
દેવની વાતમાં સમુદ્ર સાથમાં, નાગને નેત્રે નીર વલોવ્યું.
ખોડાણીજી લાવીયા ડંકપુર આવીયા, સરવના મનમાં શુભ સોયું.
સ્વામી આશારામના નરખડે, શામળે ચિતમાં ચિત પ્રોયું. ૫

પ્રભાતીયું ૨જું.

રાત રહે જ્યારે પાછલી ખટ ઘડી, સાધુ પુરૂષને સુઇ ન રહેવું;
નીદ્રાને પરહરી સમરવા શ્રી હરી, એક તું એમ કહેવું. રાત
જોગીયા હોય તેને જોગ સંભાળવા ભોગીઆ હોય તેને ભોગ તજવા.
વેદીયા હોય તેને વેદ વીચારવા, વઇષ્નવ હોયતેણે કૃષ્ણ ભજવા. રાત.
સુકવી હોય તેને સદગ્રંથ બાંધવા, દાતાર હોય તેને દાન કરવું.
પતીવ્રતા નારીએ કંથને પુછવું, કહે તેતો ચીત ધરવું. રાત.
આપણે આપણા ધરમ સંભાળવા, કર્મનો મર્મ લેવો વિચારી;
નરસૈયાના સ્વામીને સ્નેહથી સમરતાં, ફેર નવ અવતરે નરને નારી. રાત

પ્રભાતીયું ૩ જું.

જાગીને જોઉં તો જગત દીશે નહિ. ઉંઘમાં અટપટા ભોગ ભાસે;
ચીત ચૈતન્ન વીલાસ સતરૂપ છે, બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે. જા
પંચમાહાભુત પરાંબ્રહ્મ વીશે ઉપજ્યા, અણુ અણુ માહીં રહ્યા રે વળગી;

ફુલને ફળ નેતો વૃક્ષનાં જાણવાં, ચડથકી ડાળ તેતો નહીરે અળગી. જા
વેદનો એમ વદે શ્રુતી સ્મૃતિ શાખ દે, કનક કુંડળ વીસે ભેદ ન હોય;
ઘાટ ચડયા પછી નામ જુજવા અંતે તો હેમ હેમ હોયે. જા.
જીવને શીવતો આ બ્રમ્હએ થયા, રચી પરપંચ ચૌદ લોક કીધી;
ભણે નરસૈયો તેજ તું તેજ તું, એને સમરવાથી કંઇ સંત સીધ્યા. જા

પ્રભાતીયું ૪ થું.

ઉઠ ઉતાવળો ચાલ્ય તું વીઠલ, ગોવીંદ ગાય વચ્છ ચાવે;
જગતને જાદવા જનની જશોદા વંદો કહાન કાં તને નીદ્રા આવે. ઉઠ.
દત્તધાવન કરો આળસ પરહરો, રજની વીતી ગયું પહોર પ્રાટકું?
કુરને કરમલો સેન સીરાવતો, દહીરે દમોદરા થાય ખાટું ઉઠ.
બારણા બહાર બલીભત્ત ઉભા રહ્યા, જોર વાહાલા તારી વાટ જુવે;
નરસૈયા સ્વામીનું સુખડું દીઠે મેનકું અતીરે મોહે.

પ્રભાતીયું ૫ મું.

જળકમળ છાંડી જાને બાળા, સ્વામી અમારો જાગશે;
જાગશે તને મારશે, મને બાળ હત્યા લાગશે ટેક.
કહેરે બાળ કાં મારગ ભુલ્યો, રે તારા વેરીએ વળાવીઆ;
નીસ્ચે તારો કાળજ ખુટયો, અહીંઆ તે શીદ આવીયો. જળ.
નથી નાગણ હું મારગ ભુલ્યો, કે મારા વેરીએ વળાવીયો;
મથુરા નગરીમાં જુગટું રમતી, નાગનું શીશ હારીયો. જળ.
રંગે રૂડો રૂપે પુરો, દીસતો કોડીલ કોડામણો;
તારી માતાએ કેટલા જન્મીયા, તેમાં તું અળખામણો. જળ.
મારી માતાએ બેઉ જન્મીયા, તેમાં હું નટવર નાનકડો;
જગાડ તારા નાગને, મારૂં નામ કૃષ્ણ કોડામણો જળ.
લાખ સવાનો મારો હાર આપું, આપુંરે તુજને દોરીઓ;
એટલું મારા નાગથી છાનું, આપું તુજને કરી ચોરીઓ. જળ.

શું કરૂં નાગણ હાર તારો, શું કરૂં તારો દોરીઓ;
શાને કાજે નાગણ તારે, કરવી ચરમાં ચોરીઓ. જગ.
ચરણ ચાંપી મુખ મલડી, નાગણે નાગ જગાવીયો;
ઉઠને બળવંતા કોઇ, બારણે બાળક આવીયો. જળ.
બેઉ બળીયા બાથે વળીયા, કૃષ્ણે કાળીનાગ નાખીઓ;
સહસ્ત્ર ફેણ ફુંફવે જેમ ગગન ગાજે હાથીઓ. જળ,
નાગણ બહુ વિલાપ કરે છે, નાગને બહુ દુખ આપશે;
મથુરા નગરીમાં લઇ જશે, પછી નાગનું શીશ કાપશે. જગ.
બેઉ કરજોડીને વીનવે સ્વામી, મુકો અમારા કંથને;
અમે અપરાધી કાંઇ ન સમજ્યા, ન ઓળખ્યા ભગવંતને જળ.
થાળ ભરી સંગ મોતીઓ, શ્રી કૃષ્ણને રે વધાવીઓ;
નરસૈયાના નાથ પાસેથી, નાગણે નાથ છોડાવીયો. જગ

પ્રભાતીયું ૬ ઠું.

જદુપતિ નાથ એ મીત્ર છે તમ તણા, જુઓ વેગે કરી કૃષ્ણ પાસે;
પ્રીતા પુર્વ વળી હેત ધરશે હરી, મનનાં મનોરથ સફળ થાશે. જદુ
ઘેર બાળક સહુ દુઃખ પામે બહુ, અન્ન વસ્ત્રથી રહેછે ઉણી;
નીરધન સરજીના પુણ્ય કીધા વીના, કરમના દોષ તે આવી પુગ્યા જદુ.
જદુપતી જાદવ ભક્તી વશે સાધવા, કરશે કરૂણા પ્રભુ દીન જાણી;
ગોમતી સ્નાનથી કોટી અઘ નાસશે, નીરખતાં કૃષ્ણને પ્રેમ આણી જદુ.
કૃષ્ણને હળી મળી સીદ આવો વળી, જાણશો દુખ અંતરજામી;
વીનતી મન ધરો આળસ પરહરોસહાય થાશે નરસૈયાનાસ્વામી. જદુ.

પ્રભાતીયું ૭ મું.

સાંભળો ભામની કાન ધરી કામની, કૃષ્ણ કહાવું તું કરપણે પામી;
ત્રીભુવન નાથ તે મહાપતી માધવા, કેમ બોલાય ત્યાં વાત ચાંપી;
દીવસ ઝાઝા થયા બાળપણને ગયા, રખતિ નવ જાણે પ્રીત જુની.

દુરબળ રંક હું ભીક્ષુક બાપડો, નેત્ર લહુ ચોકસી ચુની. સાં
ઉગ્રસેન અક્રુર ઉદ્ધવ છે ત્યાં બળીભદ્રને અનીરૂદ્ધ પાસે;
કોટી યોદ્ધા જ્યાં હું ઉભો રહીશ ક્યાં, કોણ આવી મહારો હાથ રહાશે. સાં
જડી રત્ન મણી કાન્તી ભાસે ઘણી, તીમીર નાશે તેના જ્યોત પાસે
ત્યાં કેમ બોલી શકું વણ વદતો થતો ધમક ધમણ રહુ શ્વાસો શ્વાસ સાં.
માનની બેસી રહો સુખદુખ સહું કહો ભોગવો કરમ જે ભાગ્ય ચોડ્યું
દુરીજન લોક તે છોને લવતા રહે. નરસઇના સ્વામીનુ બીરુદ મોટું.

પ્રભાતીયું ૮ મું.

સ્વામી સાચું બોલવું નવ રહ્યું હંસના વચન વેદ વાણી,
ભવનાણું નાત્ર તે ભક્તિ સુંદર તણી, તે હું પ્રીસવું સ્નેને આણી. સ્વા.
નથી હરી વેગળા ભાક્ત ભાવે મળ્યા, રાયને રંક તે એક ઘટે;
લખપતિ કોટી મન માસે રતી, શુક સરખી ત્યાં નથીરે ઓહે સ્વા.
બ્રહ્મણ્ય દેવ શ્રી કૃષ્ણજી, નીજ જન જાણીને શુધ લેશે:
પ્રીતની રીત હે જાય નહી વીસરી, બાળલીલા તણાં ચરીત્ર કહેશે ત્રસ.
નથી કાંઇ ઓઢવા ભેટ લઇને જવા, કેમ ધરી જાણુસે કૃષ્ણ કામાં.
મીત્રથી આપણા વૃદને વખાવશે, નીરખતાં લાજે નરસઇના સ્વામી સ્વા

પ્રભાતીયું ૯ મું.

વીનતી વળી કહુ ભેટ આંપી દઉં, પોતીએ તાંદુલ ગાંઠ બાંધો.
જાણુશે થોડે ઘણું, ભાવે ભોજન તણું ધન્ય તે કૃષ્ણશું સ્નેહ સાંધે વી
ભીલડીના બોર તે ભાવે આરોગીયાં, જુહુ અન્ન આહીરનું લીધું;
ભકત વીદુરની ભાજી ભાવે જમવા, ભુપનું નોતરૂં પાછું કીધું વી.
પેરે પેરે પાંડવ કષ્ટ નીવારીયા, ભક્ત કારણ કંઇ દુસ્ટ માર્યા
ઉંચ નીચ અને છે પારખું, પતીત અધર્મી કંઇ કોટી તર્યા, વી.
ભકિત વશ વીઠ્ઠલ સંત સાચા મલ્યો સમોવટને નવ ચુકે ટાણુ.
સંત સ્મરે ત્યાં આવી ઉભો રહે, ભક્તના મન તણો ભાવ જાણે. વી
હવુંએ વેગે કરી નીરખો મુકતાપુરી ધન્ય ધન્ય તારણી સ્નેહ નામે
નરસઇયાના નાથને નીરખો નિરચય હરીમંદીરે કંચને ઋબ્ધ ઝલ્યાંનાં.

પ્રભાતીયું ૧૦ મું.

ચાલીઓ વાટમાં જ્ઞાનના ઘાટમાં, મીત્ર મોહન તણું નામ લેતો;
ધન્ય એ નાર એ અવતાર સફળ કર્યો કૃષ્ણ મુખ એમ કહેતો,
માગ્યુ મૃત્યું પ્રમાણુને પ્રાણી છે, લોભ કીધે તહાં પ્રીત તુટે;
કહ્યું મેં અબળા સુખે બેસી રહો, માગતે તો બધો ભરમ તુટે;
માગ્યું મેં નથી શું મુખે કહુ કથી, ભોગવું કર જે ભાગ્ય લાવ્યો;
શ્રીપતિ નાથે મને સરજાવીયો, કહેતાં એમ દ્વિજદ્વાર આવ્યો.
આવી ઉભો રહયો કંઠ ગદગદ થયો, કોટી સુરજથી જ્યોત ભાસે;
ઉરદયા આણીને હરીજન જાણીને, પોળીએ જઇ કહ્યું કૃષ્ણ પાસે;
મદીર તેડવા ચાલીને બેટીયા, ત્રીવીધનાં તાપ તે સર્વ નાઠાં;
તેમને સિંહાસુને લઇ બેસારીયાં, તાણતાં વિપ્રના વસ્ત્ર ફાટયાં;
તેલ ફુલેલ મરદન કરાવીયા, શુદ્ધ ઉષ્ણોદકે સનાન કીધું;
કનકની પાવડી ચરણ આગળ ધરી. કૃષ્ણે ચરણોદક શીશ લીધું;
પુનીત પીતાંબર પહેરવા આપ્યું કનકના થાળે પકવાન દીધાં;
કૃષ્ણ પલંગપર પોતે પધરાવીયાં દધીસુંતા વીજણે વાયું ભરતો;
સત્યભામાદીક નારી નીરખી રહી, નરસૈયાનો નાથ પદ સલા કરતો,

પ્રભાતીયું ૧૧ મું.

ધ્યાન તણું અલ્પ મત આળસુ, જે થકી જન્મના દુઃખ જાયે;
અવર ધંધો કરે અર્થ કાંઇ નવ સરે, માયા દેખાડીને મૃત્યુ વાહાયે
સકળ કલ્યાણ શ્રી કૃષ્ણના ચરણમાં શરણ આવે સુખ પાર ન હોયે.
અવર વેવાર તુ મેલ મિથ્યા કરી કૃષ્ણનું નામ રાખ માહે. ધ્યાન
પટકથ મારા પરી અટકપ ચરણે હરી, ચાટકમાં વાત સુણતાંજ સાચી.
આસનું ભજન આકાશ સુધી રચ્યું, મુઢ એ મુળથી ભીંત કાચી. ધ્યાન
અંગ જોબન ગયું ચળીત પીંજર થયું, તોય નથી લેતો કૃષ્ણ કહેવું!
ચેતરે ચેત દિન ચાર છે લાભના, લીંબુ લહકતાં રાત લેવું. ધ્યાન.

સરસ ગુણ હરીતણું જે જનો અનુસર્યા તે તણા સુજસતો જગત બોલે;
નરસૈના રંકને પ્રીતપ્રભુશું ઘણી. અવર વેપાર નહી ભજન તોલે. ધ્યાન

પ્રભાતીયું ૧૨ મું.

હરિ હરિ રટન કઠણ કળી કાળમાં, દામ બેસે નહી કામ સરશે;
ભક્ત આધીન છે શ્યામ સુંદર સદા, તે તારાંજ કારજ સીદ્ધ કરશે
અલ્પ સુની સારૂં શું મુઢ ફુલ્યો ફરે, શીશપર કાળા રહ્યો દંત કરડે,
ઘમર પલકની ખબર તુજને નહી, મુઢ શું જોઇને મુછ મરડે.
ગ્રોઢે પાપે કરી બુદ્ધી પાછી ફરી, પરહરી થડ શું ડાળે વળગ્યો;
પ્રપંચ પરહરો સાર હ્રદયે ધરો, ઉચરો હરી મુખ અચળ વાણી.
ક્ષણને છરશો નહી જીવપમ આપણે અવગુણ રહ્યો આળગો;
નરસૈયા હરી તણી ભક્તિ ભુલીશમાં ભક્તિવિના બીજું ધુરધાણી. ૯.

પ્રભાતીયું ૧૩ મું.

ભાગ્ય જોજો બાઇ શરણ ભીક્ષૂક તણા રૂક્ષમણીઆદી સઉ નારીબોલી:
જગઆળ જાગ્ય તે ભોગ પહોચાડીયા આજ અમરીતથી અધીક તોલે.
આ ટરપ રૂપ તે પ્રગટીયુ ક્યાં થકી બબ મેલા દીશે કરમ ફુટયો;
જત્રગણુને દુર્લભ શેજ રામ તણી વંશ કરી નાથને પાપ છુટયો;
અંગ અતી કમકમે ઘમણ મેડે ધીમે, ધીમે ઇધરશ ને વળી નાટલુંતો;
જાજો કહિતક હરી દેહ ફરી, કરપણુ તે કૃષ્ણ સંગ સુતો,
પહોડીયે ઉઠવા સ્નાને બેસારીયા વદન પખાળવા નીર દીધું
દૃઢ્ઢળ છે બાળા ગોપાળ સઉ તમતણાં ભાગ્ય મોટુ મને જીત લીધું,
ગ્રહસ્થના ઘરમાં હું વળગી રહ્યો, હું તે મારી વળી ગત ભુલ્યે;,
મીત્ર સુદામાની શુધ લીધી નહી કામની કેદમાં હું ડુલ્યો.
સાંદીપ ગોરને ગેર આપણા બહવા, ધન્ય ધન્ય દીવસ સફળ કહાવ્યો
એક રેણી રહ્યા વન વીશે આપણે, સરપણ લાવતાં મેઘ આવ્યો.
અન્ન લીધા વીના ભુખ્યા બેસી રહ્યા. ગોરાણીએ આપણી પીડ જાણી.
વીસરી ગયું છે પીર તને સાંભરે, સાંદીપગોરની અચળ વાણી.
ભાભીએ ભેટ જે મોકલી મુજ ભણી, ભાવશું બાઇ લાગે મીઠી.

સંકોચતો આંકડી વીપ્ર આંસુ ધરે, નરસૈયાના સ્વામીએ નજરે દીઠી.

પ્રભાતીયું ૧૪ મું.

છપનભોગ જ્યાં ક્વણુ તાંદુલ ત્યાં આપતા ઉર સંકોચ આવે;
જેને જોઇએ તે આવી મળે કૃષ્ણને તાંદુલ ભેટ તે તુચ્છ કહાવે.
ખાઇ લીધા હરી મુઠ તાંદુલ ભરી, પ્રેમે આરોગીયા તૃપ્ત પામી;
ઇંદ્ર કુબેરથી અધીક વૈભવ કર્યો, રૂક્ષમણી કર ગ્રહ્યો શીશ નામી.
એક રહ્યા અમો આપ્યા બીજા તમો ભકતનાં અઢળય કામ કરતાં;
પ્રેમદાએ પ્રેમના વચન એવાં કહયાં. હાથ સાહયો ત્રીજી મુઠ ભરતાં,
વીનતાનાં વચન તે વીપે સમજ્યો નહી, ચાલવા ઘર ભણી શીખ માગી,
નરસૈંહના નાથે દુરબળપણું ટાળીયું, ભુખના દુ:ખથી બીડ ભાગી.

પ્રભાતીયું ૧૫ મું.

વીપ્ર ચાલ્યો વળી કૃષ્ણ સાથે મળી. ચીતમાં શોચી વીચાર કરતો;
આપ્યું તો કાંઇ નહી પ્રીત જાણી નહી, તે તણો શોચ રૂદીએજ ધરેતા
અષ્ટ મહાસીદ્ધ તણી વૃદ્ધી નવનીધી તણી, નરપતમાં રહ્યો ભોગ માણી
કામની કંથને હું દ્વારીકાં આવીયો, અમતણી પ્રીત તો નવ જાણી.
બાળગોપાળ જે વાટ જોતાં હશે તેહને જોઇ અમો શુંય કહેશું;
મીત્ર મોહનતણાં હેત જ્યારે પુછશે, કામનીને ઉત્તર કેમ દેશું.
એમ ચીતા કરે નેનથી નીર ઝરે દરમની વાત મનમાં મારી;
નરસૈયાનો નાથ તે અતી ઘણો, લોળીયો, પીતાંબર પણ લીધું ઉતારી;

પ્રભાતીયું ૧૬ મું.

ધન્ય ધન્ય તું રણછોડજી, દીન જાણી મને માન દીધું;
ન મુજ જાગતે ભોગ પોહોચાડીયા, આજ અમરીષથી અધીક કીધું;
કનકને આસને મુજને બેસારીઓ, રૂક્ષમણી કૃષ્ણનો હાથ સહાતાં,
હેત કરી હરી ચરણ દબાવીયા, ખટરસ ભોજન ખાંતે ખાતાં
બાળપણા તણો સ્નેહ મન વીસર્યો મીત્ર મોહન તણી પ્રીત સાચી,
હેતથી હળી મળી મ.ન દીધું મને રંક બેસારીયો કનક માંચી,

ધન્ય કૃષ્ણજી સંત સેવા કરી ધ્યાન ધરતો હું નીજ દ્વારે આવ્યો;
રત્ન જડીત મણીમય શોભા ઘણી, હીંચશું દ્વારીકા માંહી આવ્યો.
કનકની ભૂમી રત્નના થાંભલા, અર્કની જ્યોત ઉદ્યોત દીસે;
ખાનને પાન વીહાર સ્થાનક ઘણું, કામની નીર્ખતા રામ દીસે;
સપ્ત નવરસની દીઠી ત્યાં સુંદરી, ધર્યાં, દેવ વીભૂતથી રહ્યા નીહાળી.
સોળ શણગાર તે અંગ સુંદર ધર્યા, દેવ વીભુતથી રહ્યા નીહાળી.
સહસ્ત્ર દાશી મળી પાસ વીંટી વળી કામની કંથ પાસે આવી,
સ્વામીરે સ્વામી હું છું દાસી તમતણી, ચાલોમંદીર વીશે પ્રેમ આણી.
ગોમતી સ્નાન કરી કૃષ્ણજી નીરખીયા પુન્ય પ્રગટ થયું પાપ નાઠું;
તે થકી રીદ્ધિ આ સકળ સાંપડી, મટી ગયું આપણું ભાગ્ય ગાઢું;
કૃષ્ણ કહેતાં તે નિજ ધામ પધારીયા, નવલ જોબન જ્યાં નરને નારી
વીનતી ઉચરતા રજની વીતી ગઇ, નરસૈયાના સ્વામીની પ્રીત ભારી.

પ્રભાતીયુ ૧૭ મું.

નંદના નંદશું જેને નહી, તે નર માનવા ખર સ્નાન તોલે;
ભુતળ ભાર કરવાને એ અવતરયા, પ્રેતની પેરે સંસાર ડોલે, નં.
દ્રષ્ટિ થકી ટળે ભોગ તેના ભળે, સેહ પડો તેની મુખ માથે;
જીવતાં જન તેતો જમ જેવા જાણવા, પ્રિત નહી તેને કૃષ્ણસાથે નં.
કીર્તી કૃશ્નની જીભથી નવ ભણે, તેહ મુખે દેવરાય તાળુ,
ભણે નરસઇયો જેણે હરીને જાણ્યા નહી, તેનું કુટુંબ સહાય કાચું;

પ્રભાતી ૧૮ મું.

પ્રેમરસ પીને તું મોરના પીંછધર તત્વનું ટુંપણુ તુચ્છ લાગે;
દુબળા ઢોરનું કુશકે મન ચળે. ચતુર્ધા મુક્તિ તારી ના માગે;
પ્રસન વાત પરીક્ષા પિછ્યા નહી, શુકજીએ સમજીને રસ સંતાડયો;
જ્ઞાન વઇરાગ કરી પ્રભુ પુંરા, કરયો મુકતીનો મારગ સીધો દેખાડયો;
મારીને મુકિત આપી ઘણા દઇત્યને, જ્ઞાની અજ્ઞાની બહુ મુનીરે જોગી,
પ્રેમને ભેટતાં વ્રજતણી ગોપીકા, અવર બીડલા કંઇ ભકત જોગી.

પ્રીતને મુક્તિનો પરમ વલ્લભ સદા, હેતુના જુવતે પેતું છુટે;
જન્મોજન્મ લીલારસ ગાવતાં, વહાલાના વહાણ જેમ હવાર છુટે,
મેં ગ્રહ્યા હાથ ગોપીનાથ ગરવ ઘણો, અવર બાજુ કમએ ન ભારૂ
નરસઇયો મહામતી ગાય છે ગુણ કથી. જતી સતીને તોસ્વપ્નેનઆવે.

પરભાતીયું ૯ મું.

બળીનણે દ્વાર હરી વીપ્ર વામ્નુ ન હુવા.જેનેજોઇને મનુ માઇ ગગન ગાજી
ઇંદ્રપરતથી બળી આવ્યો ઉતાવળો, જેને જોઇને તે દ્વાજ લાનેત્રિવાગી;
એક પરણ કુટી તણો ઠામ ભણવા કરૂ, બોલવું તે મારે મુળ સાચુ
વિપ્ર ૪રે ઘણા લોભના વહાલા, કાન માટે ઘણો હું તે રાચું.
હ્યોજી ભંડાર બહુ કુચીઓ સહીત, વળી માગે હસ્ત મારા રાજેઘરમાં;
હસ્ત ભંડારને હું શું કરૂં, લોભીઆની નથી જાત મારી;
આગે ત્રિમાતાએ વામન નીરખીઓ, વરત સહેલું મારે બ્રહ્મચારી;
ચેતજે તું બળી શુક્ર કહે છળ પડ્યો, વઇષ્ણવે વામન ધારી
અસ્ત્ર જગન સમે દાન અવની તણું, પાત્ર એવું ક્યાં મળે મને મોટૂં;
હરી તણા ચરણ ઉપર શીર નામતાં, નાળામાં ભ્રગસુત પેઠો ચોળી;
રાક્ષ રૂપ ધરી ઘણું ઘણું રાયજી, નેત્રમાં દરભની સેર ચાલી;
બાપડો બળીરાય પગ તળે ચાંપીયો, ભુપ પાતાળનો કરી થાપ્યો;
નરસઇયો હરી ભક્ત આધીન છે, ઇંદ્રિ અત્રીચળ અધિકાર આપ્યો;

પ્રભાતીયું ૨૦ મું.

વાસ નહી જ્યાં વઇષ્ણવ દેરા, ત્યાં નવ વસીએ વાસડીયાં;
સ્વાસો સ્વાસ હરી સ્મરણ ન કરે, તો શ્વાસ ખરમ કેરી સ્વાડીયાં,
જીભલડી જપમાળા ન જપે, તો જીભલડી નવ ખાસડીયાં;
જન્મ તેનો નહી જેમાં, ન કહેવાયાં હરીનાં દાસડીયાં.
મોહન માયા પાંખી, અવર માયા જેમ કાસડીયાં.
ભણે નરસઇયા બાર મારી, માખલી હસ માસડીયાં,

પ્રભાતીયું ૨૧ મું.

શરીર શોધ્યા વિના સાર નહી સાંપડે, પંડીત પણ નહી પામે મોક્ષ;
તાંદુલ મેલીને તુષ્ટને વળગી રહ્યા, ભુખ ન ભાગે, એમ ઠાલે થોપે
રસના સ્વાદમાં સરવ રૂધાઇ રહયા, વાગતી ગુરૂજ્ઞા વીનારે ગુંથે;
વાણી વીલાસમાં વીવીધ વાણી વદે, પરહરી પ્રેમને વળગે ચુંથે;
શબ્દ શીખે ખરો સકળ વિદયા ભણે, અધ્યાતમા ફરરે આવી ઓથે;
પ્રપંચ પીંડમાં રહયો અહંકાર નવ ગયો આથડયો એમ અનંત કોઠે;
ચાશકળા કહે રજનીમાં આથડે એમ અજ્ઞાનમાં શીશ ગોઠે;
ભણે નરસઈયો જે ભેદ જાણી જાઓ, મેંતો રચી કહ્યું પદ ચોથે;

પ્રભાતીયુ ૨૨ મું.

વનચર વીગ વધામણી, કેને કયાં થકી આવ્યો;
અરે મુદ્રિકા શ્રીરામની, કયાં થકી લાવ્યો. વનચર૦
આરે મુદ્રિકા શ્રીરામની, કોઇને જોવા ન જડતી;
તે તારે હાથ આવી ચઢી, તુંને કળ નથી પડતાં. વનચર૦
બાલજ બોલને બાંનરા, સાચી સંભળાવ વાત;
જવાળા ઓલવજે જાનકી, કુશળ રઘુનાથ. વનચર૦
કોપ કરી મારે કંચજી, કેમ હાથે ન મારી;
કપુર લઇ આલ્યુ કાગને, મારે વાશે વિસારી. વનચર૦
નાથ નમેરા કેમ થયા, આઇડાં કઠણજ કીધાં;
સતીને મેલીને સાધુ થયા, સુખે મુનિવર હીધાં. વનચર૦
જોગ લીધો બે બંધવે, બેઠા આસનવાળી;
શ્રીપીત થયા સઉ દેખતાં, દીધાં ઉપવીત બાળી વનચર૦
આજકાલ રામજી આવશે, તેતો અબળા ઉગરશે;
નાથ વિયોગે ટળવળી, નારી નીશ્ચે મરશે. વનચર૦
પંથ ન્યાળતાં નેતરો ગળ્યાં, કરમનો પાર ન આવ્યો;

'રણછોડના સ્વામીને જય કહેજો, સતીયે સંદેસો કહાવ્યો વનચરં.

પ્રભાતીયું ૨૩ મું.

હસીને બોલ્યા હનુમાનજી, માતા આજ્ઞા પામુ;
કહો તો રાવણને રોળાવું, કહો તો લંકા પ્રજાળુ; હસીને
કહો તો રાક્ષસના કુળને, ખરી ખાંતેથી ખાવુ.
કહો તો ખાંધે બેસારીને, પેલી પાર લેઈ જાઉં. હસીને
સાચુ માનો મારી માતાજી, કશી ચીંત્યા ન કરીયે;
સાચે માન કરી સાધવી, ધ્યાન ધણીનું ધરીયે. હસીને
એ આવે રૂડા રામજી, ટાળવા દુખ તારૂં;
શુદ્ધ કહેવા મને મોકલ્યો, કણુ માનજો મારૂં. હસીને
રામ લક્ષમણ આરોગ્ય છે, સમાચાર છે સારા;
મારી માતાનું દુખ જોઇને, આવે આંસુની ધાર. હસીને.
આ આવે રઘુનાથજી, જાણીને જોગ માયા;
સજા રાવણને મારશે, ગુણ રણછોડે ગાયા. હસીને.

પ્રભાતીયુ ૨૪ મું.

શેઠ કીધો હવે શામળો, જેણે મહા ધન આલ્યું;
નાણું ખરું હરી નામનું, ત્રણ લોકમાં ચાલ્યું. શેઠ૦
અવર વેપાર ઉપાડીયો, કાઢી કમરની કોઠી,
લક્ષ ચોરાસીમાં જોઇ વળ્યો, ખડખડ સહુ ખોટી. શેઠ૦
મોહ મસ્ત બે ટીલવા, મન મમતારે મહાલે;
કહ્યું રે કોઇનું નવ કરે, બેઠા ઘર ઘાલે. શેઠ૦
કામને ક્રોધ મંત્રી મલ્યા, તેને મુકીતે વાલી;
તે મમતારે લાવીઆ, તેને મુકીતે આલી. શેઠ૦
ઉગ ભેદ તો છે ઓરડા, આઠ બેઠા છે મોઢી;

દગાનો વધ્યો દુકાનમાં, કોણ રાખે છે ચોખા. શેઠ૦
હરખ શોકની હુંડી કરી, માંડી મનનારે મોઢા,
વાણોતર વધી ગયા, પછે આવ્યો છે ટોટા. શેઠ૦
વ્યાજ કુસ્કું વછીયાતનું, ખાતું નવ જોયું;
મેળ ન કાડયો અત્યુંનો; પછી આપ વગોવ્યું. શેઠ૦
વીમો લુટાણો વાટમાં, વળ ફ્રીછેરે વાણી;
અંગુઠીયા અહંકારનાં, બુડીયાં વણ પાણી; શેઠ૦
આથીને પોથી જે હતી, સરવે ખોઇ બેઠા;
જમરે આવ્યારે જ્યારે લુટવા, નાસી ઘરમાંરે પેઠા. શેઠ૦
અંતે ન જાયો આસરો, ભમ આગળ ન ચલાયું;
નવરે ઘારે નાડા ફરે, સાથે કોઇ ન આવ્યું. શેઠ૦
નોકર સરવ નાશી ગયા, શેઠ એકલાને સાલ્યાં,
લક્ષોપતી તેણે કહી, સરવે મંત્રોને વાહયાં. શેઠ૦
લાખ લેખાંવો લોભણાં, જર ન મળે જરીકે;
પુન્ય પાપની કોથળી, ઠાલી રહીરે ઓશરીકે. શેઠ૦
ચિત તણારે જે ચોપડા, તેને મુકયારે જોઇ;
પાના છે પ્રપંચના, તેને નાંખ્યારે ધોઇ. શેઠ૦
ચતુર હોય તે ચેતજો ચીતે ચકલેરે બેસી;
નર કોઇ જીતી ગયા નહી, આ વણજમારે પેસી. શેઠ૦
શોધી કાઢી સાચા શેઠને, વેપાર વધારયો;
લેખુરે ચોખુ બાપનું, આળોને પરવરયો. શેઠ૦
નીરભે થઇ નાણું કરયું, ઢાંકયુંરે દેવાળું;
કહે માંકણ હવે નહી કરૂં, ધોળા ઉપર કાળું. શેઠ૦

પ્રભાતીયું ૨૫ મું

આજ આનંદના ઓઘ ઉદે થયા રાય રણુછોડજી નયણે નિરખ્યા;
પૂર્વના પુન્યનાં સુરજ ઉદે થયા, દરસન દેવાની પ્રીત હરખ્યા આજ
ગોમતી સાગર પતિ જન પાવન, છે તણી લેહેરમાં રેણુ ધુને;
બેટમાં શેઠ બડા સુરા નર ઘણા, ભેટવા ભક્તની વાટ જુવે, આજ
સકળ તિરથ હરિના ચરણુકમળ વિષે, ત્યાં રહે હરજી અતિસામ વરણે
રામકૃષ્ણુ રંકને ઢંક કરૂણા કરો, પંથ છે દુર પણુ ચિત ચરણે આજ

પ્રભાતીયું ૨૬ મું.

દેવામે ગયો બાગ તે ધરમ આનંદશું, કરમના જીવ છે પરમ બોલે:
પરમ ચોરીધર મુજને જાણ્યા વિના, રતન મુંઝા કરે એક તોલે, ૧
નીગમ અગમ હરી ગોપીનો સ્નેહનો પાર કોઇ નવ જાણે;
આમની રૂચી તેને રૂચ નહી કામની, મુનીની શ્રુત જે ભરમ આણે
પુરણુ જ્યાં બ્રહ્મ ત્યાં પરમ આનંદ છે. અને આનંદ ત્યાં આનંદ હોય
નરસઇયો મંદમતી ગાય છે, ગુણુ થકી બ્રહ્મ ભજવા થકી મોક્ષ હોય

પ્રભાતીયું ૨૭ મું.

નારાયણનું નામજ લેતાં વારે તેને ભજીએરે;
મનસા વાચા કરૂણા કરીને, લક્ષ્મીવરને ભજીએરે. ના.
કુળને તજીએ કુંટુમને તજીએ, માને બાપરે.
ભગતની શુત દારાને તજીએ, જેમ તને કંચુકી સાપરે. ના.
પ્રથમ પિતા પ્રલ્હાદને તજીયા, નવ તજીઆ હરીના નામરે;
ભરત શતરૂધને તજીરે જનેતા, નવ તજીયા શ્રીરામરે. ના.
રૂષિ પત્ની શ્રી હરીને કાજે, તજીયા નીજ ભરથારરે;
વ્રજ વનીતા વીઠલને કાજે, ગઈ તજી વન ચાલી;
ભણે નરસઇયો વંદ્રાવનમા મોહન સાથે મહાલીરે. ના.

પ્રભાતીયું ૨૮ મું.

કરીને કાજે વિલંબ કરવો ઘણો, હોય કઉતક નીંદરૂપ માળા;
ઉજળા ફુલને સુતરનો તાતણો, શું મોડી રહયો નંદ લાલા ઉ૦
હુંચ મુકીને નીચને અનુંસર્યો. જોઇ નહી જાત વાસી;
રાજાના દીકરી રૂક્ષમણી પરહરી, કુબજાને મંદીરે થયો નીવાસી ઉ૦
કરત ગુણ વિષે ભેદ નહી જુદરા, સાકર છીદરા સમ વખાણે;
મંડળીક હારને પરે પેરે પરભવે ટોહલા દાસ નાસેન જાણે, ઉ૦
લોક કઉતક જુએ રજનીતો અલ્પ રહી, ક્ષીણ થઇ જોતને રહયા દીઠા

પ્રભાતીયું ૨૯ મું.

જયાં લગી આત્મ તત્વ ચેત્યો નહી. ત્યાં લગી સાધના સર્વ જુઠી;
અનુંશાદેહ તારી એમ એળે ગયો, ભાવઠની જેણ વ્રષ્ટી વુંઠી જયાં
શું થયું સ્તાન રહેવા થકી, શું થયુ, ઘેર રહી દન દીધ,
શું થયું ધરી જટા ભસ્મ લેપન કરે, શું થયું લાલ લોચન કીધે
શું થયું તપને તીરથ કીધા થકી, શું થયું માળા ગ્રહી નામ લીજે
શું થયુ તીલકને તુળશી ધર્યા થકી. શું થયું ગંગાજળ પાન પીધે
શું થયુ વેદ વ્યાકરણ વાણી વદે, શું થયુ વરણના ભેદે આણે જયાં
એ છે પરપચ સહુ વેદ ભરવા તણા, આત્મરાગ પરીક્ષણ ન હોવા
ભણે નરસઇયો કહે તત્વ દરશન વીના, રત્ન ચીંતામણી જન્મ ખોએ.

પ્રભાતીયું ૩૦ મું.

ધ્યાન ધર ધ્યાન નદના કુંવરનું. જે થકી અખીલ આનંદ પામ,
અષ્ટ મહા સિધ્ધી દવાર ઉભા રહે. કેના દુરકત દુર વામે. ધ્યાન.
મોરના પીછનો મુગટ મુસ્તક ધર્યો, કુંડળ મકરાંકરત શ્રવણ લડકે
નીલવટ તીલક તે સમ તે કેસર તણુ કંઠે મુકતાફળ હાર લટકે,
પીતાંબર જાલવણ કટીમ રૂપીર છે કટી.ત, તીભગ વાળો વેણુ વાયે
કંઠમાં કુસમ તણો સુગંધી રજ ભરી, હરજીને સંગ અથોપી ગયો.

મોરલીની ધુન સુણી વનીતા વ્યાકુળ થઇ, ગોપીકા ગેરવા વ્રજઆવે;
નરસઇંયાને મન આનંદ અતિ ઘણો, પુષ્પ મુકતાફળ લેઇ વધાવે.

પ્રભાતીયું ૩૧ મું.

આ સુખે સુતો સંભાર શ્રીનાથને, હાથ તે હરી વીના કોણ રહાવે;
માતને તાત સુત ભ્રાત ટોળે મળ્યા, દોહલી વેળા તે દુર જાએ. આ.
ઉંધે મસ્તકે હતો ઉગ્ર તપ આદરી, ભક્તિ કરી ભગવાન કેરી;
અવતરી પાસ બંધાયો, માયા તણો, લપટી લાલચે લીધો ઘેરી.
દીવસે ચોદસ ભમ્યો રાત નિંદ્રા વિષે, સ્વપ્નમાં સાંભળે મોટી માયા;
પલક પરીવાર નહી હરીને ભજવા તણો, જ્યાં લગી જીવ સંજોગ કાયા;
ધન પામે કરી મોહી રહયા લોભીયા, વેદના વિચારી ગરમ કેરી;
નાથ ત્રીલોકના હરીને સંભાળીયા, જ્યારે રાખ્યો તો જઠરાગમાં ઘેરી
જાગરે જીવડા વાજ આવ્યા ઘણો, કેટલો એક પ્રતિબોધ દીજે;
નરસીના સ્વામીને નીત્ય સંભારતાં, દેહના દુર દુકૃત કીજે;

પ્રભાતીયુ ૩૨ મું.

મારા નાથજી મુકોને ભકતી દેજો સદા, દીન જાણીને સંભાળ લેજો;
ભક્તિ આપી ભલા ભાવથી ભુદરા, અંતે આવી અહોનીશ રહેજો,
ભક્તિ કારણ મારો દેહ દુરબળ હજો, દેહ કારણ રખે સ્નેહ જાય,
આજ મન સાથ જદુનાથ જો વીસરે, વળતી વલે મારી કોણ થાય.
કરમ કથા કરી ખાણ ચારે ભરી, નાસવા નીસરયો નામ બારી;
કૃષ્ન કીરતન વિના દેહ જાશે, વરથા જેમ રહે જુગડે દુખી હારી;
ભવ વિશે બુડતાં વાહરને બુમ નહી, બાંહ્ય ચહી મુજને કોણ રાખે,
અલ્પ આયુષ્યમાં કલ્પ મનુષ્ય, આજ કીધું વળી કામ કરને.
શ્વસ્સનો કાંઇ વિશ્વાસ સહી આ સમે, આશ અધુરી એમ મરવું;
ઉતમ મધ્યમ મરણ તુ વીઠલા, પ્રગટ થયુરે દરસન પમાડો;
નરસઇંયો રંકને ટંક કરૂણા કરી, દીન બંધુ વહ્યો આંક આડો;

પ્રભાતીયુ ૩૩ મું.

મુજ અબળાને મોટીરે મીરાં, સાંભળો ઘરેણું મારે સાચુરે;
વાળા ગઢાવું વીઠલ વર કેરી, હાર હરીના મારે હઇએ;
ચાંતમાળા ચતુરભુજ ચુડલો, શીદ સોની પેર જઇએ. મુ०
ઝાંઝરીયાં જગજીવન કેરાં, કૃશ્ન કલ્લાંને કાંબીરે;
વીંછવા ઘુઘરા રામનારણના, અણુવટ અંતર જામીરે. મુ०
પેટી ઘડાવું પુરસોતમ કેરી, ત્રિકમ કેર તાળુરે;
કુચો કરાવુ કરૂણાનંદ કેરી, તેનાં ઘરેણું મારૂરે. મુ०
સાસરવાસા સજીરે બેઠા, હવે નથી કોઇ કાળેરે;
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ હરીને ચરણે જાચુરે. મુ०

પ્રભાતીયુ ૩૪ મુ.

સાધુ સાથે ભજો ચરણ ગોવીંદના, માનવી દેહ તજ કહીએ;
કૃષ્ન કહો કૃષ્ણ કહો વળી કૃષ્ણ કહી. કૃષ્ણ કહેતાં સુખ લઇએ;
કરપણ સેવા તણી અવર ઇચ્છા, કરે,મુઢ મતી માનવી કાંઇ ન જાણે;
કૃષ્ણનું નામ રમે હ્રદયથી ત્રીજરે જન્યમાં, ધન્યએ કૃશ્નને પ્રમાણે
જેને જોવા મહા મુનીજ વન ભમે; વીઠલો વનમાં ગાયો ચારે,
ભક્ત નરસઇયો જે ચતુર નર તે ખરો, અહનીશ શ્રી કૃષ્ણ ધારે,
સાકર સાકર સાકર સામળા, સનમુખ આવીને જુઓને આજ
શું અમો નામસ હઠ લઇ બોલશુ, લોપશુ ત્રીકમ તારી લાજ.
ગોકુળમાંહ તું મહાપતો કાનજી, આહીર નીત[illegible]ા ચોધ,
ચંચળ નેણશું સુખ નથી બોલતો, હવે અમે લાજ ખોઇશુજ તારી
લાડુ પેરે ગોપીને લાડ લડાવીયાં, અન્ય આહીરપે જોતો ચાખી;
નટવર વેશ લઇ ભોમ લીલા કર, નરસઇયા સમથી શોખી રાખી.

સમાપ્ત.

કબીર કાવ્ય.

આમાં મહાત્મા કબીરના દોહરાનો અને તેમાં રહેલો ગુઢાર્થ ઘણીજ સહેલી ભાષામાં વિસ્તારપુર્વક સમજાવ્યો છે કે તે વાંચવાથી સૃષ્ટિ, ઇશ્વરશક્તિ, મૃત્યુ વગેરે સંબંધીનો ઘણોઉત્કૃષ્ટ ખ્યાલ આવેછે પુસ્તક ફક્ત એકજ વાર વાંચવાથી તે વારંવાર વાંચવાની પ્રેરણા થાય એવો એમાં અદ્ભુત રસછે. આમાં સામર્થઅંગ સમરણઅંગ ચિતાવનીઅંગ, જીવનમૃતઅંગ, કામઅંગ આદિ ૨૦ અંગ છે અને તે એકથી એક એવા અદ્ભુત છે કે તેનો ખરો ખ્યાલ વાંચવાથીજ થશે શિવાય આમાં નીચે જણાવેલાં ત્રણ સુંદર ફોટોગ્રાફીક ચિત્રો આપેલાં છે (૧) કબીરને ગુરૂની પ્રાપ્તી (૨) કબીરના અદ્ભુત ચમત્કારથી કાજી સાહેબે ચિડાઇ જઇ બાદશાહ મારફત કબીર સાહેબને બોલાવી તેમને લોઢાની પેટીમાં પુરી ઉપરથી મજબુત તાળું લગાડી તે પેટીને ઉંડા પાણીમાં ડુબાડી દેવી અને બીજી બાજુએ કબીર સાહેબનું સમાધીઅવસ્થામાં પાણીપર તરવું. (૩) કમાલના મૃતદેહને બાદશાહની સમક્ષ મુર્દે ઉઠ કુદરતકે કમાલસે, એમ કહી સજીવન કરવું વગેરે ચિત્રના દેખાવો ખાસ જોવા લાયક છે. સર્વ સાધારણોની સગવડના ખાતર આ પુસ્તક ગુજરાતી અક્ષરમાં છપાવ્યું છે. કાગળ ગ્લેજ ઉંચા પાકા પુંઠા ઉપર કબીર સાહેબનો રૂપેરી વરખથી છાપેલો ફોટો બાંધણીમાં મજબુત હોવા છતાં કિંમત માત્ર રૂ. ૧।।। પોસ્ટેજ માફ.

મળવાનું ઠેકાણું:—મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

ત્રણ દરવાજા—અમદાવાદ.